ક્રમાંક:ધ/અનદ-૧/માધ્ય/૨૦૧૬/૧૧૧૨૦/૭

ટોચ મર્યાદા
સમય મર્યાદા

નિયામકશ્રી,શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧,ડૉ.જી. મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.તા.૭/૦૬/૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો / કર્મચારીઓને રક્ષણ આપવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, તા.૨૩/૬/૨૦૧૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો / કર્મચારીઓને રક્ષણ આપવા બાબતે શિક્ષણ વિભાગના તા.૨૩/૬/૨૦૧૬ના ઠરાવની જોગવાઇઓ કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

શિક્ષણ વિભાગના તા.૨૩/૬/૨૦૧૬ના ઠરાવની જોગવાઇઓ અનુસાર જે ફાજલ શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારીઓ છુટા કરવામાં આવેલ નથી તે ફાજલ શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારીઓ સદર ઠરાવની જોગવાઈઓ મુજબ સમાવવાની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

જે શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારીઓ તા.૩૦/૬/૯૮ પછીની નિમણુંકવાળા છે કે જે છુટા કરવામાં આવેલ છે. તે શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારીઓને આ નવી નીતિથી નિમણુક પાત્ર થાય છે તે શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારીઓની વિગતો આ સાથે સામેલ રાખેલ નિયત પત્રકમાં ટોચ અગ્રતાએ દિન - ૩ માં મોકલી આપવા જણાવવામાં આવે છે. (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની માહિતી અલગ અલગ પત્રકમાં દર્શાવવી.)

નકલ સવિનય રવાના.
જાણ તથા જરૂરી કાર્યવાહી સારું
- સંયુક્ત નિયામક (વહીવટ) શાળા કચેરી
- સંયુક્ત શાળા નિયામકશ્રી (પગાર) શાળા કચેરી.

(પી.એમ.જોશીયારા)
સંયુકત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા. ગાંધીનગર.